### એનપીએ રૂ. 25,000 સુધીની મર્યાદામાં સ્મોલ લોન એકાઉન્ટ માટે વન ટાઇમ સેટલમેન્ટ

બી પી.બી સી. 53 / 21.04.117 /2001-02

22 ડિસેમ્બર 2001

તમામ જાહેર ક્ષેત્રની બેંકોના
ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર્સ

માનનીય સાહેબ,

**એનપીએ રૂ. 25,000 સુધીની મર્યાદામાં સ્મોલ લોન**
**એકાઉન્ટ માટે વન ટાઇમ સેટલમેન્ટ**

માનનીય નાણામંત્રીએ 12 નવેમ્બર 2001 ના રોજ નવી દિલ્હી ખાતે તમામ ક્ષેત્રની બેંકોના સીએમડી સાથેની એક બેઠકમાં જણાવેલુ કે રૂ. 25,000 સુધીની બાકી રહેતી લોનની વસુલાત માટે બેંકોએ એક યોજના અમલમાં મૂકવી જોઇએ. તે મુજબ જાહેરક્ષેત્રની બેંકો આ એનપીએ ની વસુલાત કરવા માટે એક નીતિ ઘડી શકે જેમાં નીચેના પાસાઓને ધ્યાનમાં રાખી શકાય.

2. (i) **કવરેજ**

a) માર્ગદર્શિકામાં રૂ. 25,000 મૂળ રકમ (વ્યાજ સિવાય) સુધીની તમામ બાકી રકમની તમામ ક્ષેત્રની લોન આવરી શકાય જેમાં બિઝનેસનો પ્રકાર અથવા હેતુ કોઇપણ હોઇ શકે છે જે 31 માર્ચ, 1998 ના રોજ એનપીએ બની હોય.

b) માર્ગદર્શિકામાં કેસ દાખલ થયો હોય તેવી અને ડિક્રી કરાયેલ દેવાનો પણ સમાવેશ થશે. સેટલમેન્ટ થઇ જાય પછી બેંક સંબંધિત કોર્ટમાં કેસ બંધ કરવા માટે આવશ્યક પગલા લઇ શકે છે.

c) આ સ્કીમમાં જોકે છેતરપિંડી, ગેરરીતિ અને જાણી જોઇને કરાયેલ ડિફોલ્ટના કેસ સામેલ નહીં કરાય.

d) આ માર્ગ દર્શિકા 30 જુન, 2002 સુધી અમલમાં રહેશે.

**(ii) સેટલમેન્ટની ઓર્મ્યુલા : રકમ અને કટ ઓફ તારીખ**

આ માર્ગદર્શિકા હેઠળ સેટલમેન્ટ એમાઉન્ટ તરીકે રિકવર કરવાની રકમ 31 માર્ચ, 1998 ના રોજ લોનની રકમની મૂળ રકમ પરની બાકી રકમ રહેશે. 31 માર્ચ 1998 ના રોજ બાકી રહેલી રકમ પર ચઢેલું વ્યાજ કે 31 માર્ચ 1998 પછી બાકીની રકમ પરનું વ્યાજ માફ કરવામાં આવશે.

**(iii) ચૂકવણી**

ઉપર મુજબ થયેલ સેટલમેન્ટ સામાન્ય રીતે એક સાથે ચૂકવવામાં આવશે. અમુક કિસ્સામાં બેંકો હપ્તામાં ચૂકવણી સ્વીકારી શકે જેમાં ડાઉન પેમેન્ટ સેટલમેન્ટના સમયે ઓછામાં ઓછા 25% જેટલું હોવું જોઇએ. બાકીની રકમ સેટલમેન્ટની તારીખથી એક વર્ષની અંદર રિકવર કરી શકાય.

**(iv) મંજૂરી આપનાર ઓથોરિટી**

સમાધાનના સેટલમેન્ટ અંગેનો નિર્ણય બ્રાન્ચ મેનેજરની સત્તાને આધિન રહેશે. જો બ્રાન્ચ મેનેજરે જાતે લોન મંજૂર કરી હોય તો આવા કિસ્સામાં સમાધાનનું સેટલમેન્ટ કરવાનો નિર્ણય તેનાથી ઉપરની ઓથોરિટીએ લેવાનો રહેશે.

**(v) ભેદભાવ હીન વહીવટ :**

બેંકોઓ એનપીએ ના સમાધાન સાથેના સેટલમેન્ટ માટે ઉપરની માર્ગદર્શિકાનું પાલન કોઇપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર કરવાનું રહેશે.

**(vi) નીતિની રચના**

બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ આ માર્ગદર્શિકા હેઠળ એનપીએ ના સમાધાન સેટલમેન્ટ માટેની નીતિ દ ડવાની રહેશે. બેંક વન ટાઇમ સેટલમેન્ટમાં બાકી રહેતી રકમની ગણતરી માટે પોતાની અલગ હિસાબી કાર્યવાહી પણ વિકસાવી શકે.

**(vii) પબ્લિસિટી**

બેંકોએ તમામ ડિફોલ્ટ કરનાર યોગ્ય બોરોઅર્સને આ યોજનાની વ્યવસ્થિત પબ્લિસિટી કરીને તેમને બાકી રહેતી દેવાની રકમ માટે વન ટાઇમ સેટલમેન્ટ સ્કિમનો લાભ લેવાની તક આપવાની રહેશે.

**(viii) બોર્ડ દ્વારા રિવ્યુ**

સેટલમેન્ટની વિગતો પર કેટલી કાર્યવાહી થઇ તેનો માસિક રિપોર્ટ સંબંધિત ઓથોરિટી દ્વારા તે પછીની ઉચ્ચ ઓથોરિટી અથવા હેડ ઓફિસને સોંપી શકાશે. સમાધાનની યોજના પર દર મહિને બોર્ડ દ્વારા સમીક્ષા થવી જોઇએ.

3. કૃપા કરીને સ્વીકૃતિ રસીદ આપશો.

આપનો વિશ્વાસુ,

એમ. આર. શ્રીનિવાસન

પ્રભારી મુખ્ય મહા પ્રબંધક